# શહેરમાં ગરમીનો પારો ઉંચકાતા નગરજનો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧ મેઘરાજાએ લાંબી ઈનીંગ ખેલ્યા બાદ હાલ ખમૈયા કર્યા છે. ત્યારે શિયાળાના આગમનની પ્રતિક્ષા વચ્ચે સર્વત્ર ગરમીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે અચાનક ગરમીનો પારો ૨ ડીગ્રી જેટલો ઉંચકાતા મહતમ તાપમાન ૩૮.૫ જ્યારે લઘુતમ તાપમાન ૨૧.૫ નોંધાયું હતું. જ્યારે ગરમીનો પારો ૩૮.૫ પહોંચી જતા નાગરીકોએ ઉનાળાની આકરી ગરમીનો અનુભવ નાગરીકોને થયો હતો. સમગ્ર ગુજરાતમાં ભાદરવા માસ સુધી મેઘરાજા મનમુકીને વરસ્યા છે.નવરાત્રીમાં મેઘરાજાએ વિરામ લેતા ગરબાપ્રમીઓમાં ખુશી થયા છે. ત્યારે અત્યારે હાલના સમયે નાગરીકો બેવડી રૂતુનો અનુભવ કરી રહ્યા છે. ઉનાળાની ગરમીમાં શેકાતા હોય તેવું નાગરીકોને લાગી રહ્યું છે તો બીજી તરફ સાંજ ઢળતા જ નાગરીકોને ઠંડીનો ચમકારો વર્તાતા રાત્રીના સમયે ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ ઉભી થવા પામે છે. સમગ્ર રાજ્યમાં ૩૫ થી ૩૮ ડીગ્રી જેટલા તાપમાનને કારણે નાગરીકો ગરમીમાં શેકાઈ રહ્યા છે. આજે રવિવારની રજા હોવાથી નાગરીકોએ ગરમીને પગલે ઘરમાંથી બહાર નીકળવાનું પણ ટાળ્યું હતું. ગાંધીનગર શહેરનું મહતમ તાપમાન આજે ૩૮.૫ ડીગ્રી જ્યારે લઘુતમ ૨૧.૫ નોંધાયું હતું.જ્યારે સવારે ૬૫ ટકા ભેજ તેમજ સાંજે ૪૫ ટકા ભેજ નોંધાયો હતો.

## દલિત આગેવાન સહિત ૨૦૦ સમર્થકો આમ આદમી પાર્ટીમાં

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે પક્ષપલ્ટા અને રાજકીય સમીકરણો બદલવાની પ્રક્રિયા સતત ચાલી રહી છે. દલિત સમાજની ગુજરાત સરકાર સામેની નારાજગી આજે ત્યારે જાહેરમાં સામે આવી હતી કે, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના ઉપાધ્યક્ષ અને રાકેશ મહેરિયા અન્ય આગેવાનો અને ૨૦૦થી વધુ સમર્થકો સાથે એએપીમાં જોડાઈ ગયા છે.

# ખેડુતો પર લગાવવામાં આવેલા તમામ ટેક્ષ દુર કરવા ભારતીય કિસાન યુનિયનની માંગ

ગાંધીનગર, તા.૧ ગુજરાતમાં સૌથી વધુ તમાકુનું ઉત્પાદન ચરોતરના ખેડુતો દ્વારા કરવામાં આવે છે. તમાકુની ખેતી સાથે લાખો ખેડુતો, મજુરવર્ગ તેમજ તમાકુની પેદાશ પર મોટીમાત્રામાં રોજગારી નભેલી છે. ત્યારે સરકાર દ્વારા તમાકુ પર ૨૮ ટકા જેટલો કમ્મરતોડ જીએસટી નાંખી દેવામાં આવતા ચરોતર પંથકના ખેડુતો અને અન્ય ખેડુતોને મળતા ભાવોમાં ૫૦ ટકાથી વધુ રકમના ભાવનું નુકશાન થવા પામ્યું છે. રાજ્ય સરકાર તમાકુના ઈમ્પોર્ટથી કરોડો રૂપીયાનું હુંડિયામણ કમાય છે. તેમ છતા આકરા કરવેરા નાંખીને ચરોતરના ખેડુતોને પાયમાલ કરવાનો કારસો સરકાર રચતી હોય તેમ ભારતીય કિસાન યુનિયનને લાગી રહ્યું છે. ખેડુતોના વિવિધ પ્રશ્નોને લઈ યુનિયને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહને પણ આવેદન પત્ર પાઠવી ખેડુતો પર લગાવેલા આડકતરા તેમજ સીધા ટેક્ષ સત્વરે નાબુદ કરવા રજુઆત કરી હતી.

ભારતીય કિસાન યૂનિયન દ્વારા રજુ કરવામાં આવેલા પ્રશ્નોમાં મુખ્યત્વે કરમસદ ગામને સ્વતંત્ર દરજ્જો આપવાની માંગ વર્ષોથી કરવામાં આવી છે, તે વર્ષોથી ગુજરાત સરકારમાં પેન્ડીંગ પડી છે. આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના જીતપુરા, બાજીપુરા, અને વાઘપુરાને અહીંના ગામને તાબે ગણવામાં આવે છે. ખરેખર તે ગામની પંચાયત છે, તેમ છતા અલગ રેવન્યુ ન આપવાના કારણે ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી તાત્કાલીક આ ૩ ગામડાઓના આશરે ૧૦,૦૦૦ ગ્રામજનોને અહીના ગામની રેવેન્યુમાંથી દુર કરવામાં આવે, જેને પગલે પંચાયત પોતાનો વિકાસ સાંધી શકે. સરકાર દ્વારા આ અંગે સત્વરે નિર્ણય નહીં લેવામાં આવે તો ૩ ગામડાના નાગરીકો આગામી ચુંટણી પ્રક્રિયાનો વિરોધ કરશે. તે ઉપરાંત ખેડુતોના તમામ દેવા માફ કરવામાં આવે તેમજ ખેડુતોને ઘર મળે-પાકા મકાન બાંધી શકે તે માટે બેંકોમાં સરળ હપ્તે અને વ્યાજે લોન ઉપ્લબ્ધ થાય તેવી જોગવાઈ કરવામાં આવે તે સહિતના પ્રશ્નો અંગે ભારતીય કિસાન યૂનિયનના પ્રમુખ હાર્દિક જે.પટેલે રજુઆત કરી છે.

# ગાંધીનગરના સુકેતુ મહેતાએ ૧૩૩મી વખત રક્તદાન કરી શહેરનું ગૌરવ વધાર્યું

## ૧૦૧ રક્તદાતાઓનું રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીના હસ્તે સન્માન



ગાંધીનગર, તા. ૧ ગાંધીનગરના સેવાભાવી અગ્રણી શ્રી સુકેતુ મહેતાએ ૧૩૩મી વખત રક્તદાન કરી રક્તદાતાઓની યાદીમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગાંધીનગરમાં સૌથી વધુ રક્તદાન કરવાનો વિક્રમ પણ તેમના નામે જ અંકિત થયો છે. આજે અમદાવાદ ખાતે તેઓનું રેસકોર્સ સોસાયટી દ્વારા રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

રક્તદાન માટે લોકોમાં વધુ જાગૃતિ આવે એવા ઉદ્દેશ સાથે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ દ્વારા આજે 'નેશનલ વોલીયન્ટરી બ્લડ ડોનેશન ડે' નિમિત્તે એ.એમ.એ ખાતે રક્તદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે ૧૦૧ રક્તદાતાઓને ૧૦૦ થી વધુ વખત રક્તદાન કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. શહેરમાં આટલી મોટી સંખ્યામાં શતકવીર રક્તદાતા નોંધાયા હોય તેવી આ પ્રથમ ઘટના છે. એકત્ર થયેલ રક્ત પૈકી આશરે ૩૦ ટકા જેટલું રક્ત થેલેસેમીયાના રોગથી પિડાતા દર્દીઓ અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક આપવામાં આવશે. ભારતની કુલ વસ્તીના પ્રમાણમાં ફક્ત ૦.૮ ટકા વસ્તી રક્તદાન કરે છે.





## લવારપુર ગામે ભક્તિ-શ્રદ્ધાના રંગે ગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે દર વર્ષે પરંપરાગત રીતે નવરાત્રી પર્વ ભક્તિ અને શ્રદ્ધાના ઉમળકાભેર ઉજવણીનું આયોજન તોત્રી માતા યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે તોત્રી માતાના ચોકમાં મઢીને સોળે શણગાર અને રોશનીથી ઝગમગાટ અનોખુ આકર્ષણ કેન્દ્ર બન્યુ હતુ. લવારપુર ગામમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે તોત્રી માતાજી પ્રત્યે અનોખી ભક્તિ અને શ્રદ્ધારૂપે ગ્રામજનો રંગબેરંગી માટીના ગરબાની બાધા માનતાના ગરબા માતાજીના ચોકમાં માતાજીના ગુણલાં ગાતાં અનોખી પૂજા-અર્ચના કરવામાં આવી હતી. તોત્રીમાતાજીની મઢી સામે એક સાથે એકત્રીત કરી શ્રદ્ધાળુ ગ્રામજનો ગરબે ઘૂમી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ગરબા મહોત્સવમાં મહાઆરતીનો મહિમા અનોખો હોવાથી સમુહ આરતીનો વિશેષ લાભ લઈ ભક્તોજનો ધન્યતા અનુભવી હતી. મોડી રાત્રે ખેલૈયા ગરબામાં ઉમંગભેર ઝૂમી વહેલી સવારે અબીલ ગુલાલની છોળો ઉડાડી માતાજીનો જયઘોષ સાથે ભાવભરી રીતે ગરબાને ભાઈઓ દ્વારા વિદાય આપી હતી.

## કોલવડા ગામે નવચંડી મહાયજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા. ૧ ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે છત્રસિંહ અણદાજી વાઘેલા પરિવાર દ્વારા ગત તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ નવચંડી મહાયજ્ઞ અને તેલફુલ જાતરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે યજ્ઞ દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટ્યા હતા.

કોલવડા સ્થિત ગલાલબાપાનો મઢ ખાતે ભુવાજી મહેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલાના નિવાસસ્થાને નવચંડી મહાયજ્ઞ અને (જાતર)નું આયોજન કરવામાં આવ્યું હતું. મેલડી માતાના મંદિરના ૧૭માં પાટોત્સવ નિમિત્તે આ મહાયજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં ગત તા. ૩૦ને શનિવારના રોજ નવચંડી યજ્ઞનો પ્રારંભ થયો હતો. જ્યારે સાંજે ૪.૧૫ કલાકે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. સાંજે ૫.૧૫ કલાકે ભોજન પ્રસાદ જ્યારે માતાજીની રમણ (જાતર) ફુલ પડેડા સાંજે ૭.૧૫ તેમજ જ્યારે માતાજીના ભુવાજી અને સેવકોનું ભવ્ય સામૈયુ કરવામાં આવ્યું હતું. જ્યારે રવિવારના રોજ સવારે ૫.૧૫ કલાકે માતાજીના પીપાલા પીવાયા હતા.

# રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે ગાંધીમિત્ર એવોર્ડ્સ-૨૦૧૭ એનાયત

ગાંધીનગર, તા. ૧ મહાત્મા ગાંધીની ૧૪૮મી જન્મજયંતી નિમિત્તે વિચાર ફાઉન્ડેશન દ્વારા રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે "ગાંધી મિત્ર એવોર્ડ્સ-૨૦૧૭" એનાયત કરવામાં આવ્યા હતા.





ગાંધી મિત્ર એવોર્ડ્સ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સર્વોદય પરિવાર ટ્રસ્ટના શ્રીમતી સુજાતાબેન શાહ, સુરેન્દ્રનગરના પાટડી ખાતે ગણતર સંસ્થાના શ્રીમતી નિરૂપમાબેન શાહ અને પાટણ જિલ્લાના સગોડિયા ખાતે યોગાંજલિના શ્રીમતી રમીલાબેન ગાંધીને એનાયત કરવામાં આવ્યા હતા. ગાંધી વિચારોને લઈ પરિણામની અપેક્ષા રાખ્યા વિના સફળતાપૂર્વક સમાજમાં પ્રેરણાં પૂરી પાડતા સમાજ સેવકોને રાજ્યપાલશ્રીએ બિરદાવ્યા હતા, અને જણાવ્યું હતું કે, ગાંધી વિચારધારાની વાત સાથેનાં કાર્યક્રમમાં ઉપસ્થિત થવું એ ગૌરવની વાત છે.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, સમાજમાં આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન એ ભાવિ પેઢીને જનહિતના કાર્યો કરવા તરફ પ્રેરશે. એવોર્ડ પ્રાપ્ત કરનાર ત્રણેય મહિલાઓને રાજ્યપાલશ્રીએ સમાજની જાગૃતતાનું જીવતુ જાગતુ ઉદાહરણ ગણાવ્યાં હતા. રાજ્યપાલશ્રીએ ગાંધી બાપુને પહેલાની સરખામણીએ આજે વધુ પ્રાસંગિક હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, વર્તમાનમાં જ્યારે વિવિધ બનાવો દ્વારા સમાજનું વાતાવરણ દુષિત બની રહ્યું છે ત્યારે ગાંધી વિચારોનું સ્મરણ અને તેનો અમલ સૌને માટે શાંતિનો માર્ગ બની રહેશે. ઉપરાંત ઉપસ્થિત સૌને બાપુના સપનાના ભારતનું નિર્માણ કરવા આગળ આવવા આહવાન કર્યું હતું.

આ એવોર્ડ સમારંભમાં પ્રખર ગાંધીવાદી, સેવા સંસ્થાના સ્થાપક અને ગુજરાત વિદ્યાપીઠના ચાન્સેલર ઈલાબેન ભટ્ટ, વિચાર ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી સુરેન્દ્રભાઈ પટેલ, ટ્રસ્ટી સ્મિતાબેન પટેલ, નૃત્યકાર ભરત બારીયા, પત્રકાર રમેશ તન્ના, ડૉ. રાજેન્દ્ર ખિમાણી તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# યે ક્યા હો રહા હૈ: સચિવાલયથી આદેશ છૂટે છે પણ જિલ્લા-તાલુકા લેવલે ડસ્ટબીનમાં જાય છે

ભાજપના હાલના શાસમાં ગુજરાતના વહીવટી તંત્રને લૂણો લાગ્યો છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સચિવાલયથી છૂટેલા આદેશોને માન મળતું નથી. વિભાગમાંથી થયેલા ઓર્ડર પ્રમાણે સ્થાનિક વહીવટી તંત્રમાં કામ થતું નથી. કેબિનેટના મંત્રીઓ કે વિભાગના વડા તરફથી મોકલવામાં આવેલા સંદેશાનું પાલન થતું નથી, પરિણામે સરકારી કામગીરી ઠપ્પ થઈ ગઈ હોય તેવો માહોલ છે. સચિવાલયમાં જાણે કે અધિકારી રાજ ચાલતું હોય તેમ લાગે છે. ઉપરથી તૈયાર થતી ફાઈલ જિલ્લા વહીવટી તંત્રમાં જાય છે પરંતુ તે બદલાઈને પાછી આવે છે. ઉદ્યોગોના વિવિધ પ્રશ્નો કે અરજદારોની રજૂઆતો પરત્વે ધ્યાન અપાતું નથી. ગુજરાતમાં મોદીએ ૧૪ વર્ષ શાસન કર્યું છે પરંતુ પહેલા દિવસના (૭ ઓક્ટોબર ૨૦૦૧) મોદીના વહીવટી પ્રવચન થી લઈને છેલ્લા દિવસ (૨૨ મે ૨૦૧૪) ના રોજ કે જ્યારે તેમણે મુખ્યમંત્રીનું પદ છોડ્યું ત્યાં સુધી તેમના તમામ આદેશોનું પાલન ૪૮ કલાકમાં થયું છે. મોદીએ ૪૬૧૦ દિવસ શાસન કર્યું છે પણ એવી કોઈ ફરિયાદ જોવા મળી નથી. આજે ૪૮ દિવસ પછી પણ નીચેથી કોઈપણ ફાઈલ પોઝિટીવ થઈને આવતી નથી. અરજદારોને - યસ કે નો - માં જવાબ આપવાની જગ્યાએ ફાઈલને પેન્ડિંગ ગણીને લટકાવી રાખવામાં આવે છે. ૧૫ થી ૪૫ દિવસમાં અરજદારને તેના કામનો જવાબ મળી જશે તેવા જીઆર કરવામાં આવ્યા છે પરંતુ સચિવાલયમાં એવી ફાઈલો પણ છે કે જેમાં બે વર્ષે પણ અરજદારને જવાબ મળ્યા નથી. પ્રગતિશીલ સરકારની આ દિશા છે.

## નોટબંધી, GST, બેકારી, મોંઘવારી, એન્ટી ઇન્કમબન્સી ફેક્ટર, ભાજપ સામે પડકાર

**સંજોગોએ ગુજરાતને ત્રણ સીએમ આપ્યા છે...**

૧૯૯૫ પછી સંજોગોએ ગુજરાતને ત્રણ મુખ્યમંત્રીની ભેટ આપી છે. ગુજરાતમાં વિજય રૂપાણીની સરકાર એ કેશુભાઈ પટેલ પછીની સુરેશ મહેતાની અને શંકરસિંહ વાઘેલા પછીની દિલીપ પરીખની સરકારની યાદ અપાવે છે. સુરેશ મહેતાએ ૩૩૪ દિવસ શાસન કર્યું હતું જ્યારે દિલીપ પરીખે માત્ર ૧૨૮ દિવસ શાસન કર્યું છે. શંકરસિંહે બીજો બળવો કરતાં સુરેશ મહેતાએ અને કોંગ્રેસે ટેકો પાછો ખેંચી લેતાં રાષ્ટ્રી જનતા પાર્ટી- રાજપા- ની સરકારે રાજીનામું આપવું પડ્યું હતું. બન્ને સરકારોમાં નેતૃત્વ પરિવર્તન કરવું પડ્યું છે. ૨૦૧૬માં ભાજપમાં આનંદીબહેન પટેલને રાજીનામું આપવું પડ્યું અને નેતૃત્વ પરિવર્તનમાં વિજય રૂપાણીની સરકાર આવી છે. બહેને ૮૦૮ દિવસ શાસન કર્યું છે. જો કે દિલીપ પરીખની સરકારમાં શંકરસિંહ સુપ્રિમો હતા અને રૂપાણીની સરકારમાં અમિત શાહ સુપ્રિમો છે. આ બન્ને મુખ્યમંત્રીમાં આ એક સામ્યતા છે. રૂપાણી સંગઠનના એક લિડર તરીકે બેસ્ટ છે. સીધા, સરળ અને મળતાવડા મુખ્યમંત્રી છે. તમામ લોકોને એકચિત્તે સાંભળે છે પરંતુ તેઓ ક્યારેક જાતે નિર્ણયો લઈ શકતા નથી. જો તેમને સરકાર ચલાવવાનો છૂટો દોર આપવામાં આવે તો તેઓ મોદીની જેમ શાસનમાં રિઝલ્ટ ઓરિયેન્ટેડ બની શકે તેમ છે. રૂપાણી પાસે સરકાર ચલાવવાના આઈડિયા છે. બ્યુરોક્રેસીને કન્ટ્રોલ કરી શકે તેવી કેપેસિટી છે. હિતેન્દ્ર દેસાઈ જેવું સરળ શાસન આપી શકે છે. લોકપ્રિયતાને પણ તેઓ જાળવી શકે છે, પરંતુ તેમને વહીવટમાં છૂટો દોર આપવો પડે...

**ભાજપના ચોથીવારના વિજય સામે પડકારો...**

નવા મતદારો ભાજપ સાથે હોવાં છતાં પાર્ટીના વિજય સામે બાર ચેલેન્જ ઉભી છે. આ ૧૨ પડકારોમાં મુખ્ય પડકાર મોંઘવારીનો છે. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ તેમજ પેટ્રોલ-ડિઝલના ભાવ આસામાને હોવાથી મતદારો નારાજ છે, મોદીએ ૨૦૧૪માં અચ્છે દિનનો નારો આપ્યો હતો પરંતુ સામાન્ય જનતા માટે બુરે દિન શરૂ થયા છે. નોટબંધી અને જીએસટીના કારણે લોકોની ખરીદશક્તિ ઘટી છે. વેપારીવર્ગ ભાજપની નિતીઓથી પરેશાન છે. વિવિધ સમાજનો અસંતોષ ચરમસીમાએ છે. યુવાનોમાં બેકારી અને નોકરી ગુમાવવાની સમસ્યા ઉભી થઈ છે. પોષણક્ષણ ભાવ ન મળતાં ખેડૂત વર્ગ વધારે મુશ્કેલીમાં છે. સરકારના વહીવટી પ્રત્યે અરજદારોની નારાજ છે. સત્તાનો અહંકાર સૌથી મોટી સમસ્યા છે. માઈક્રો અને સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ મરી પરવારી છે. કારખાનાં બંધ થઈ રહ્યાં છે. પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલ અને ઓબીસી સમાજના યુવા નેતા અલ્પેશ ઠાકોર મોટો પડકાર છે. કોંગ્રેસના નેતાઓની ભરતીને કારણે પાયાના કાર્યકરોમાં હતાશા છે.




- ગૌતમ પુરોહિત

**ગુજરાતમાં કોંગ્રેસની સતત હારના કારણો...**

ગુજરાતમાં ભાજપે વિકાસ મોડલ ઉભું કર્યું છે પરંતુ તેને વિકાસ ગાંડો થયો છે તેમ કહીને કોંગ્રેસે પ્રથમવાર ભાજપને ક્લિનબોલ્ડ કર્યું છે. સોશ્યલ મિડીયામાં પહેલીવાર કોંગ્રેસે આક્રમક પ્રચાર શરૂ કર્યો છે. આ વખતે એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર હોવા છતાં કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ મુખ્ય છે. છેલ્લી ઘડીએ ઉમેદવારો જાહેર કરવાની નિતીના કારણે ટીકીટ વિતરણમાં ડખ્ખા થાય છે, પરિણામે સત્તાવાર ઉમેદવાર સામે બળવાખોરો બાજી ઉલ્ટી કરી નાંખે છે. કોંગ્રેસને ભાજપના સ્થાનિક નેતાઓથી નહીં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટી પ્રેસિડેન્ટ અમિત શાહથી વધારે ડર લાગે છે. આ બન્ને નેતાઓ છેલ્લી ઘડીએ પરિણામ બદલી નાંખતા હોય છે. કોંગ્રેસ પાસે કાર્યકરો નથી, જે છે તેઓ ચાર્જ નથી. જિલ્લા સંગઠન વેરવિખેર છે. કેડરબેઝ કાર્યકરોની ફોજ ચૂંટણી મેદાનમાં નથી. ગુજરાતમાં કોંગ્રેસ પાસે મુખ્યમંત્રીના દાવેદાર એવા પ્રભાવી નેતાની ખોટ છે. કોંગ્રેસના મતદારોમાં ગાબડાં પડાવવા અપક્ષો અને અન્ય પાર્ટીઓ મેદાનમાં ઉતરી જાય છે. ભાજપની સરખામણીએ ચૂંટણીમાં નાણાંની પ્રવાહિતા ખૂબ જ અલ્પપ્રમાણમાં છે.

**પાર્ટી સંગઠન નહીં વહીવટી તંત્ર મેદાનમાં છે...**

ગુજરાતમાં છેલ્લી ત્રણ વિધાનસભા અને એક લોકસભાની ચૂંટણીમાં જોવામાં આવ્યું છે કે ભાજપનું સંગઠન નહીં પણ સરકારનું વહીવટી તંત્ર ઉમેદવારોને વિજયી બનાવવામાં મોટો ફાળો આપે છે. ખાસ કરીને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ સ્થાનિક પોલીસનો રોલ ખૂબ અગત્યનો હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી વહીવટી તંત્રમાં જે ફેરફારો થયા છે તેમાં પોલિટીકલી ચેઈન્જ દેખાય છે. જિલ્લા કલેક્ટરો થી માંડીને જિલ્લા પોલીસ અધિક્ષક સુધીના ઓફિસરોનું પોસ્ટીંગ એવી રીતે થયું છે જેઓ ચૂંટણીમાં મહત્વનો ભાગ ભજવી શકે. ભાજપ સમર્થિત ઓફિસરોની ફોજ ચૂંટણીની બોર્ડર પર મૂકી દેવામાં આવી છે. આ ફોજ મતદારોને મેનેજ પણ કરી શકે છે. મોદીના શાસનમાં ત્રણ વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યના વહીવટી તંત્રએ પ્રાઈમ રોલ અદા કર્યો છે જેનો ફરી એકવાર ઉપયોગ થઈ રહ્યો છે. આ ઉપયોગ સિફતપૂર્વક કરવામાં આવે છે, કેમ કે રાજકીય કામગીરીમાં અધિકારીઓને સામેલ કરી શકાતા નથી. ચૂંટણી પંચની નજર ચૂકવીને આ સિસ્ટમ ગોઠવવી પડતી હોય છે. આ કામ માઈક્રોપ્લાનિંગના અંચળા હેઠળ માત્ર ભાજપ જ કરી શકે છે.

**જ્યોતિષના મતે મોદીના ગ્રહો ખરાબ ચાલે છે...**

જ્યોતિષની દ્રષ્ટિએ આગામી એક વર્ષ મોદી માટે ખરાબ છે. તેમની સરકારમાં અસંતોષની માત્રા વધતી જશે. સરકાર ચલાવવામાં તેમના પાસા અવળા પડી શકે છે. મોદીનો ગ્રાફ નીચે ઉતરી રહ્યો છે તેનો અણસાર તેમની પાર્ટીના સિનિયર લિડરો તેમજ એનડીએની સહયોગી પાર્ટીના નેતાઓ તરફથી મળી રહ્યાં છે. વાજપેયી સરકારના નાણાંમંત્રી યશવંતસિંહાએ જીએસટી અને નોટબંધીના નિર્ણયની તીવ્ર આલોચના કરી છે. સંઘ સુપ્રિમો મોહન ભાગવતે તો કહ્યું છે કે ભારતના ખેડૂતો દુખી છે. તેમણે સરકારની આર્થિક નિતીઓની ટીકાઓ કરી એવું ભયસ્થાન વ્યક્ત કર્યું છે કે દેશના નાના ઉદ્યોગોને મોટું જોખમ ઉભું થયું છે. યુવાનોને રોજગારીના મુદ્દે સરકારના પ્રયાસોને નાકામયાબ બતાવ્યા છે. બીજી તરફ શિવસેનાએ વ્યંગબાણનો મારો ચલાવ્યો છે. શિવસેનાના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરે અને ભાજપના સિનિયર નેતા શત્રુઘ્નસિંહા યશવંતસિંહાની પડખે છે. ઠાકરે એ કહ્યું કે મોદી વિચારો અને સિદ્ધાંતો સાથે મનમેળ નથી તેવી પાર્ટીને એનડીએના સમર્થકો બનાવે છે. મનસે ના સુપ્રિમોએ મોદીની બુલેટ ટ્રેનની ટીકા કરી છે અને કહ્યું છે કે અમે મુંબઈ કે મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેનને પ્રવેશવા નહીં દેવાય.

## સંજોગોએ જેમને ચીફ મિનિસ્ટર બનાવ્યા છે તેમની પાસે રિમોટ કન્ટ્રોલ રહ્યાં નથી

## હું વિકાસ છું, હું છું ગુજરાત... બાત કુછ હજમ નહીં હુઇ- BJP બેકફુટ પર કેમ છે?!!

**ભાજપના ચૂંટણી સ્લોગન હજી જામતા નથી...**

ભાજપે અત્યાર સુધીમાં ચૂંટણી કેમ્પેઈનના ચાર સૂત્રો બદલ્યા છે. પહેલું સૂત્ર "ગરજે ગુજરાત" આપ્યું હતું પરંતુ તેની નેગેટીવ ઈફેક્ટ આવતાં પાર્ટીએ "અડીખમ ગુજરાત" સ્લોગન આપ્યું હતું પરંતુ તે પણ ચાલ્યું નહીં એટલે "વિસર્જન કોંગ્રેસ" આપ્યું પણ તેમાં ખામી જણાતા છેવટે ચૂંટણી કેમ્પેઈનની કીટ શરૂ કરી ત્યારે "હું વિકાસ છું, હું છું ગુજરાત" એવું સૂત્ર આપ્યું છે. પાર્ટી સૂત્રો કહે છે કે- આ ફાઈલન સ્લોગન છે અને પાર્ટી તે દિશામાં આગળ વધી રહી છે, જ્યારે કોંગ્રેસે "નવસર્જન ગુજરાત"નો નારો આપ્યો છે. કોંગ્રેસે ભાજપને ખાળવા માટે બે સ્લોગન આપ્યા છે તેમાં "વિકાસ ગાંડો થયો છે" અને "મારા હાળાં છેતરી ગયા" એ કમાલ કરી બતાવી છે. સોશ્યલ મિડીયામાં આ સ્લોગનો લોકોની જીભે રમતાં થઈ ગયા છે. ભાજપની કેમ્પેઈન એડ અસરકારક છે પરંતુ તેની થીમ નવી બોટલમાં જૂનો શરાબ જેવી છે. કોમી તોફાનો અને કરફ્યુ જેવી ઘટનાઓ ૨૭ વર્ષ પહેલાંની છે. વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં પ્રથમ વખત ૧૧.૬૫ લાખ યુવા મતદારો મતદાન કરશે. આ મતદારોની ઉંમર ૧૮ થી ૧૯ વર્ષની છે. બીજી તરફ ગુજરાતમાં ૨૯ વર્ષ સુધીની વય ધરાવતા મતદારોની સંખ્યા એક કરોડ ક્રોસ કરી ગઈ છે. આ લોકોએ તો કોંગ્રેસનું શાસન જોયું જ નથી.

**એક પ્રશ્નમાં કર્મચારી ચાર વાર ફેઇલ થયા...**

ગુજરાત સરકારના એક એવા કર્મચારી છે કે જેઓ જીપીએસસીની એક્ઝામમાં ચાર વાર ફેઈલ થયા છે. ફેઈલ થવું તે કંઈ નવું નથી પરંતુ એક જ પ્રશ્નમાં ચાર ટ્રાયલ મારવી તે આશ્ચર્યજનક છે. ઈન્ટરવ્યુ પેનલમાં બેઠેલા સભ્યએ ચાર વખત એકનો એક પ્રશ્ન પૂછ્યો પણ એ કર્મચારી જવાબ આપી શક્યા નહીં. ચાર વાર તેમણે ખોટો જવાબ આપ્યો હતો. આ કર્મચારી પ્રમોશનથી વંચિત રહી ગયા છે. કોઈ વિદ્યાર્થીને એક પ્રશ્ન પૂછવામાં આવે તો બીજીવાર તૈયારી કરતાં એ પ્રશ્નનો જવાબ રેફર કરતો હોય છે પરંતુ આ કર્મચારી સતત ચાર વખત એકના એક પ્રશ્નનો જવાબ આપી શક્યા નહીં. આપણા વહીવટી તંત્રની આ નબળાઈ કહેવી કે નહીં શિખવા માટેનું વલણ- એ ગુજરાતની જનતાએ જ સાબિત કરી આપવાનું છે.